सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઇલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૨૯/૨૦૨૬**

**આંક : – ૦૬**

**અરજદાર :– ગુલાબખા ચાંદખા પઠાણ,**
રહે. અસ્મા પાર્ક, વાગરા,
તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી વી. એન. ભરવાડ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપી આમોદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૩૨૬૦૨૧૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૧૫(૧), ૬૧(૨)(એ), ૩૫૧(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે

અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક-૦૩** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક-૦૫** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, અરજદાર/આરોપીને તા. ૧૩/૦૩/૨૦૨૬ નાં રોજ અટક કરી તા. ૧૪/૦૩/૨૦૨૬ નાં રોજ આમોદનાં એડી. જયુડી. મેજી.શ્રીની કોર્ટમાં રજુ કરેલ, જે બાદ અરજદાર/આરોપીને જયુડી. કસ્ટડીમાં મોકલી આપેલ, ત્યારથી અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં છે, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ફરીયાદીની ફરીયાદમાં જણાવ્યા મુજબનું કોઇ કૃત્ય આરોપીએ કરેલ નથી કે ભોગબનનારનું મૃત્યુ થાય તેવો કોઇ પ્રકારનો જીવલેણ હુમલો કરેલ નથી, ફરીયાદી દ્વારા રાગદ્વેશ રાખી ગંભીર પ્રકારનાં ગુનામાં સંડોવણી કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીનુ નામ એફ.આઇ.આર.નાં પ્રથમ વર્ઝનમાં ન હતુ, જે બાદ ત.ક.અધિકારી દ્વારા કલમ ઉમેરાનાં રીપોર્ટ સાથે અરજદાર/આરોપીનું નામ જાહેર કરવામાં આવેલ, એફ.આઇ.આર. તથા કલમ ઉમેરાનાં રીપોર્ટ મુજબ આરોપી દ્વારા ઇજા પામનાર ઉપર હુમલો કરેલ નથી, આરોપીને કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, તદન નિર્દોષ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ઇજા પામનારને હાલ હોસ્પીટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે, જેથી અનુમાન કરી શકાય કે ઇજા પામનાર ક્રિટીકલ કંડીશનમાં નથી અને આરોપી દ્વારા ઇજા પામનારને કોઇ ઇજા પહોંચાડવામાં આવેલ નથી, હાલનાં ગુનાનાં કામે વપરાયેલ તમામ મુદ્દામાલ રીકવર થઇ

ગયેલ છે, ચાર્જશીટ થવામાં સમય લાગે તેમ છે, જેથી આરોપીને વધુ સમય કસ્ટડીમાં રાખવામાં આવશે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટનો ભોગ બને તેમ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીની રીમાન્ડની માંગણી કરવામાં આવેલ નથી, જેથી પણ આરોપીની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરૂરી નથી, અરજદાર/આરોપી અગાઉ કોઇ ગુનામાં સંડોવાયેલ નથી કે કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી, અરજદાર/આરોપી ૪૮ વર્ષનાં વેપારી ઇસમ છે તેમજ ઘરની પરીસ્થિતી ખુબ જ ખરાબ છે અને આરોપી સીવાય પરીવારમાં કોઇ કમાનાર વ્યકિત નથી, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી ગામ વાગરા, તા. વાગરા કુટુંબ પરીવાર સાથે કાયમી વસવાટ કરે છે તેમજ નાસી ભાગી જાય તેવા ઇસમ નથી અને નામ. કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ કામનાં ફરીયાદી ઇજા પામનારનાં સગા ભાઇ છે અને ઇજા પામનાર સાથે તેઓએ વાતચીત કર્યા બાદ ફરીયાદ આપેલ છે અને તેમાં કયાંય હાલનાં અરજદાર/આરોપીનાં કહેવાથી બનાવ બનેલ હોય તેવો કોઇ આક્ષેપ નથી કે એફ.આઇ.આર.માં આરોપીનું નામ નથી અને પાછળથી ખોટી રીતે હાલનાં અરજદાર/આરોપીનાઓ મુખ્ય આરોપી સદામ નવાજ હુસેનના શેઠ થાય છે અને તેમનાં કહેવાથી આ બનાવ બનેલો તેવી હકીકતો પાછળથી ઉભી કરી હાલનાં અરજદાર/આરોપીને ગુનામાં સાંકળવામાં આવેલ છે. વધુમાં આરોપી તરફે તેમની રજુઆતનાં સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટનાં વિવિધ ચુકાદા જેવા કે, સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ., એ.આઇ.આર. SC ૮૩૦ નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ કામનાં ફરીયાદીનાં સગા નાના ભાઇ હરીઓમ પ્યારેલાલ

જાટમનાઓને આ કામનાં આરોપી સદામ નવાજ હુસેનનાઓએ તા. ૧૧/૦૩/૨૦૨૬ નાં રોજ સાંજના પાંચ વાગ્યે ધમણાદ ગામે રોડ ઉપર ગુલ્ફી વેચવા બાબતે લડાઇ–ઝઘડો કરી માર મારી મારી નાંખવાનાં ઈરાખે અણીદાર બરફ કાપવાનાં સુયાથી ગળાનાં ભાગે, છાતીમાં અને પેટમાં ઘા મારી નાસી જઇ ડિસ્ટ્રીકટ મેજી. શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. એકટની કલમ– ૧૦૯(૧), ૧૧૫(૧), ૬૧(૨)(એ), ૩૫૧(૩) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ નો ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદ દાખલ થયા બાદ ઈજા પામનારનું મેજીસ્ટ્રેટ રૂબરૂ મરણોન્નમુખ નિવેદન લેવામાં આવતા, ઈજા પામનારે સ્પષ્ટપણે જણાવેલ છે કે, બનાવનાં દિવસે આરોપી સદામ નવાજ હુસેનનાઓએ તેઓનાં શેઠ ગુલાબની સુચનાથી નાની ઝઘડાની વાતથી બોલાચાલી થતા ગળામાં તથા છાતીનાં ભાગમાં અણીદાર સુયો મારેલો. આમ, ઈજા પામનારનાં મરણોન્નમુખ નિવેદનનાં આધારે હાલનાં અરજદાર/આરોપી ગુલાબખા ચાંદખા પઠાણનું નામ ખુલેલુ છે અને પોલીસ હાલ તપાસ કરી રહેલ છે. વધુમાં એવી દલીલ છે કે, અરજદાર/આરોપી મુળ બહારનાં રાજયનાં રહેવાસી હોય જામીન ઉપર મુકત કરવામાં આવે તો, નાસી ભાગી જવાની શકયતા રહેલી છે, જેથી ગંભીર પ્રકારનાં ગુનામાં આરોપીને જામીન ઉપર મુકત નહી કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઈ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, ઈજા પામનારનાં મોટા ભાઇનાઓએ ગુનાની ફરીયાદ હોસ્પીટલમાં આપેલ છે અને સદર એફ.આઈ.આર.માં હાલનાં અરજદાર/આરોપી ગુલાબખા ચાંદખા પઠાણનું નામ આરોપી તરીકે દર્શાવેલ નથી. વધુમાં એફ.આઇ.આર.ની હકીકતો જોતા, ફરીયાદીએ હોસ્પીટલમાં જઈ ઈજા પામનાર તેમનાં નાના ભાઈ હરીઓમનાઓની સાથે બનાવ બાબતે વાતચીત કરેલી છે અને ઈજા પામનારે જે કાંઇ હકીકતો ફરીયાદીને જણાવી તે મુજબ ફરીયાદીએ ફરીયાદ આપેલ છે તેમ

જણાય આવે છે. સદર એફ.આઇ.આર.ની હકીકત જોતા, ઈજા પામનારે તેમનાં ભાઈ ફરીયાદીને જણાવેલ છે કે, બનાવનાં દિવસે આરોપી સદામ નવાજ હુસેનનાઓએ ગુલ્ફી વેચવા બાબતે તેમની સાથે લડાઈ–ઝઘડો કરી બરફ કાપવાનાં સુયા વડે ગળામાં તથા છાતીમાં તથા પેટમાં જાનથી મારી નાંખવાનાં ઈરાદે ઘા મારી ભાગી ગયેલાની હકીકત જણાવેલ છે અને આ બનાવ તા. ૧૧/૦૩/૨૦૨૬ નાં રોજ ૧૭:૦૦ વાગ્યે બનેલો છે અને ફરીયાદ તા. ૧૨/૦૩/૨૦૨૬ નાં રોજ ૧૬:૦૦ કલાકે આપવામાં આવેલ હોય તેમ સ્પષ્ટ થાય છે. આમ, સમગ્ર એફ.આઈ.આર.ની હકીકત જોતા, ઈજા પામનારે ફરીયાદીને હાલનાં અરજદાર/આરોપી ગુલાબખા ચાંદખા પઠાણનાં કહેવાથી કાવતરાનાં ભાગરૂપે એફ.આઈ.આર.માં જણાવેલ આરોપી સદામ નવાજ હુસેનનાઓએ ઈજા પામનારને બરફ કાપવાનાં સુયા વડે શરીરે ઘા મારેલ હોય તેવી કોઈ જ હકીકત એફ.આઈ.આર.માં જણાવેલ નથી કે હાલનાં અરજદાર/આરોપીનું નામ એફ.આઈ.આર.મા પણ દર્શાવેલ નથી. ફરીયાદપક્ષનાં કેસ મુજબ ઈજા પામનારનાઓનું મરણોન્નમુખ નિવેદન લેવામાં આવતા તેમાં આરોપી સદામ નવાજ હુસેને તેઓનાં શેઠ ગુલાબની સુચનાથી સુયા વડે ઈજા પામનારને ઈજા પહોંચાડેલ તેવી હકીકત ઈજા પામનારે જણાવેલ હોય આરોપી સદામ નવાજ હુસેનના શેઠ ગુલાબ એટલે કે હાલનાં અરજદાર/આરોપી હોય તે રીતે હાલના અરજદાર/આરોપીને ગુનામાં સાંકળવામાં આવેલ છે. આમ, ઈજા પામનારે તેમનાં મરણોન્નમુખ નિવેદનમાં હાલનાં અરજદાર/આરોપીનું પુરુ નામ જણાવેલ નથી, પરંતુ માત્ર ગુલાબ તરીકે નામ દર્શાવેલ છે. વધુમાં પોલીસ પેપર્સ જોતા, માત્ર મરણોન્નમુખ નિવેદનના આધારે હાલનાં અરજદાર/આરોપીને ગુનામાં સાંકળવામાં આવેલ છે તે સિવાય હાલનાં અરજદાર/આરોપીને ગુનામાં સાંકળવા માટેનાં કોઈ જ પ્રકારનાં સાહેદોનાં નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં પોલીસ પેપર્સ જોતા, પોલીસે આરોપી સદામ નવાજ હુસેનનું નિવેદન લીધેલ છે

અને તેમાં આરોપીએ હાલનાં અરજદાર/આરોપીનાં કહેવાથી ઈજા પામનારને ઈજાઓ કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. વધુમાં પોલીસ પેપર્સ જોતા, પોલીસે સાહેદ જમાલખાન લાલમહંમદ પઠાણ તથા સાહેદ સીયારામ ભીમસેન જાટમનાં નિવેદનો તા. ૧૫/૦૩/૨૦૨૬ નાં રોજ લીધેલ છે અને આ સાહેદોએ ઈજા પામનાર હરીઓમ પ્યારેલાલ જાટમ સાથે દવાખાનામાં બનાવ બાબતે વાતચીત કરેલ છે અને તેમાં પણ ઈજા પામનારે હાલનાં અરજદાર/આરોપી ગુલાબખા પઠાણનાં કહેવાથી આરોપી સદામ નવાજ હુસેનનાઓએ તેઓને સુયા વડે ઈજાઓ પહોંચાડેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. આમ, એકંદરે પોલીસ પેપર્સ જોતા, એફ.આઈ.આર.માં હાલનાં અરજદાર/આરોપીનું નામ નથી તેમજ અન્ય કોઈ સાહેદોનાં નિવેદનો થકી પણ હાલનાં અરજદાર/આરોપીનું નામ ખુલેલુ નથી તેમજ ઈજા પામનાર તેમજ હાલનાં અરજદાર/આરોપી વચ્ચે આ બનાવ અગાઉ ગુલ્ફી વેચવા બાબતે કોઈ માથાકુટ થયેલ હોય તેવા પણ કોઈ નિવેદનો મેળવેલા નથી તે સંજોગોમાં ગુનાનાં કામે હાલનાં અરજદાર/આરોપીનો રોલની હકીકતો જોતા આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાય છે.

(૬) વધુમાં પોલીસ પેપર્સ જોતા, ઈજા પામનારને તા. ૧૯/૦૩/૨૦૨૬ નાં રોજ હોસ્પીટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે, જે સર્ટીફીકેટ ત.ક.અધિકારીશ્રીએ તા. ૨૦/૦૩/૨૦૨૬ નાં રોજ મેળવેલ છે. આમ, ઈજા પામનાર હાલ ભયમુકત છે અને વધુ કોઈ ગંભીર ગુનાની કલમનો ઉમેરો થાય તેવી કોઈ હકીકત જણાતી નથી કે ફરીયાદપક્ષ તરફે પણ આ બાબતે કોઈ રજુઆત નથી.

(૭) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ ગુનાનાં કામે આરોપીનાં રોલની હકીકત ધ્યાને લેતા હાલનાં અરજદાર/આરોપીએ ઈજા પામનારને કોઈ હથિયાર વડે ઈજા પહોંચાડેલ નથી તેમજ તેઓની સામે ગુનાહિત કાવતરાનો આક્ષેપ છે અને પોલીસ પેપર્સ મુજબ

એફ.આઇ.આર.માં આરોપીનું નામ નથી તથા અન્ય કોઇ સાહેદોનાં કોઇ નિવેદનો રેકર્ડ ઉપર નથી કે જેથી આરોપીનું નામ ખુલતું હોય અને હાલનાં અરજદાર/આરોપીને ઈજા પામનારનાં મરણોન્નમુખ નિવેદનમાં મુખ્ય આરોપી સદામ નવાજ હુસેનના શેઠ ગુલાબનાં કહેવાથી હુમલો કરેલ છે તેટલા આક્ષેપનાં આધારે હાલનાં અરજદાર/આરોપીને ગુનામાં સાંકળવામાં આવેલ છે તે તમામ હકીકતો તેમજ આરોપી વાગરા, જિ. ભરૂચ મુકામે તેમનાં કુટુંબ સાથે રહેતા હોય, નાસી ભાગી જાય તેમ નથી અને આરોપી નામ. કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી અને તૈયાર હોય આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું હોય આરોપીને જામીન ઉપર મુકત કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આમોદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૩૨૬૦૨૧૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ- ૧૦૯(૧), ૧૧૫(૧), ૬૧(૨)(એ), ૩૫૧(૩) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે હાલનાં અરજદાર/આરોપી **ગુલાબખા ચાંદખા પઠાણ,** રહે. અસ્મા પાર્ક, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષનાં સાક્ષીઓને ધાકધમકી આપવી નહી તેમજ પુરાવા સાથે ચેડા કરવા નહી તેમજ તેઓને કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી ફોડવા પ્રયત્ન કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાનાં કાયમી રહેઠાણનું સરનામું અને મોબાઇલ નંબરની વિગતો ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમજ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરવી તથા રહેઠાણ બદલવાનાં

સંજોગોમાં નવું સરનામું તપાસ કરનાર અમલદાર તેમજ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવું.

૩. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો, ટ્રાયલ કોર્ટમાં દિન-૭ માં જમાં કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૪. અરજદાર/આરોપીએ તપાસ કરનાર અધિકારશ્રીને તપાસનાં કામે સંપૂર્ણ સાથ-સહકાર આપવાનો રહેશે.

૫. અરજદાર/આરોપીએ સદર કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

૬. ઉપરોકત શરતોમાં ટ્રાયલ કોર્ટ વધારો-ઘટાડો કે ફેરફાર કરવા સક્ષમ રહેશે.

૭. અરજદાર/આરોપીએ આ હુકમ મુજબ ટ્રાયલ કોર્ટમાં જામીન તથા બોન્ડ આપવા.

(૨) સદર હુકમ મુજબ યાદી કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડેન્ટ/જેલશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૩૦ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC